# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૮ તા.૨૦-૦૪-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓના નામાંકન માટેની તૈયારી હાથ ધરવા બાબત.

સંદર્ભ :- ક્ર. પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૦૨૩/૭૪-૧૨૬ તા. ૧૮-૦૪-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આગામી શૈક્ષણિક સત્ર તા.૦૫-૦૬-૨૦૨૩થી શરૂ થનાર છે. આગામી શૈક્ષણિક વર્ષે પ્રવેશપાત્ર થતા હોય તથા શિક્ષણથી વંચિત ૫ થી ૧૪ વર્ષના તમામ બાળકોનું ટ્રેકીંગ કરી ૧૦૦% નામાંકન, ૧૦૦% ટ્રાન્જીશન અને ડ્રોપ આઉટ થયેલ બાળકોનું પુનઃ સ્થાપન સુનિશ્ચિત કરવાનું થાય છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા પુરા પાડવામાં આવેલ ડેટાબેઝમાં આરોગ્ય વિભાગના રસીકરણ (eMamta/Techo) ના ડેટાબેઝમાં નોંધાયેલા અને આ ઉપરાંત જન્મ નોંધણી, આંગણવાડી, આર્થિક મોજણી સર્વે , રસીકરણ ડેટાબેઝ પર નોંધાયેલા અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ માં પ્રવેશપાત્ર થતાં હોય તેવા બાળકોની યાદી તમારા સી.આર.સી. કો.ઓ પાસેથી તા.૨૧-૦૪-૨૦૨૩ ના રોજ મેળવી લેવાની રહેશે. મુખ્ય શિક્ષકશ્રીએ યાદી પૈકીના બાળકોના આગામી શૈક્ષણિક સત્રમાં શાળા પ્રવેશપાત્ર બાળકોની ખરાઈ શિક્ષકોને પોકેટ એરિયા ફાળવીને તા.૨૫-૦૪-૨૦૨૩ સુધીમાં કરાવવાની રહેશે અને યાદી પૈકીના જે બાળકો રાજયના અન્ય વિસ્તારોમાંથી સ્થળાંતરીત થયેલ હોય તેવા બાળકોની વિગતો અલગ કરીને આ સાથે સામેલ પત્રક- ૧ મુજબની માહિતી તૈયાર કરવાની રહેશે. સદરહું પત્રક-૧ મુજબની માહિતી સી.આર.સી. કો.ઓને તા.૨૬-૦૪-૨૦૨૩ના રોજ મોકલી આપવાની રહેશે. આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રવેશપાત્ર બાળકોનું ૧૦૦% નામાંકન થાય તથા પાત્રતા ધરાવતા પ્રત્યેક બાળકો નામાંકનથી વંચિત ન રહે તે માટેની કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણ :- ૧. સંદર્ભિત પત્ર

૨. પ્રવેશપાત્ર બાળકોની માહિતી દર્શાવતું પત્રક-૧ (સોફ્ટ કોપી એમ.એસ.એકસેલ)

તા. ૨૦-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**અતિ અગત્યનું**
**Email દ્વારા**

ક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૦૨૩/૭૪-૧૨૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૮/૦૪/૨૦૨૩.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય: નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશપાત્ર વિધાર્થીઓના નામાંકન માટેની તૈયારી હાથ ધરવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્ર તા.૦૫/૦૬/૨૦૨૩થી શરૂ થનાર છે. આગામી શૈક્ષણિક વર્ષે પ્રવેશપાત્ર થતા હોય તથા શિક્ષણથી વંચિત ૫ થી ૧૪ વર્ષના તમામ બાળકોનું ટ્રેકીંગ કરી અને 100% નામાંકન, ૧00% ટ્રાન્જીશન અને ડ્રોપ આઉટ થયેલ બાળકોનું પુન:સ્થાપન સુનિશ્ચિત કરવાના થાય છે. પ્રવેશપાત્ર બાળકોના ટ્રેકિંગ માટે રાજ્ય સરકારના અલગ-અલગ કચેરી/માધ્યમો ઉપયોગમાં લઇ શકાય તેમ છે. જેમાં **જન્મ નોંધણી, આંગણવાડી, આર્થિક મોજણી સર્વે, રસીકરણ ડેટાબેઝ** વિગેરેનો સમાવેશ થાય છે.

ઉક્ત કામગીરી સંદર્ભે આ કચેરી દ્વારા આરોગ્ય વિભાગના રસીકરણ (eMamta/Techo) ના ડેટાબેઝમાં નોંધાયેલા અને આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રવેશપાત્ર થતા હોય તેવા બાળકો ની જીલ્લા/શહેરવાર યાદી રાજ્ય સ્તરેથી અલગ-અલગ તારવવામાં આવેલ છે. જે માહિતી જીલ્લા/શહેરને આ સાથે પુરી પાડવામાં આવે છે. જેની ચકાસણી કરવા અંગેની તથા નામાંકનની તૈયારી હાથ ધરવાની થાય છે.

આ કચેરી દ્વારા પુરા પાડવામાં આવેલ (Techo) ના ડેટાબેઝ ઉપરાંત અન્ય માધ્યમો (પેરા-૧માં જણાવ્યા અનુસાર) દ્વારા પણ બાળકોનું ટ્રેકીંગ હાથ ધરવાનું રહેશે. Techo ડેટાબેઝ સિવાયના અન્ય માધ્યમો થકી મળેલા બાળકો પૈકી જે બાળકો રાજયના અન્ય વિસ્તારોમાં સ્થળાંતરીત થયેલ હોય માત્ર તેવા બાળકોની જ વિગતો પણ આ સાથે સામેલ પત્રક-૧ અનુસાર નિયત નમુનામાં રજુ કરવાની રહેશે.

**ઉક્ત કાર્યવાહી હાથ ધરવા માટે નીચે મુજબની સૂચનાઓ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે:**

(૧) અત્રેથી મોકલેલ માહિતી ઉપરાંત બાળકોના નામાંકન અંગેની પૂર્વ તૈયારી વધુ અસરકારક બને તે માટે અને કોઇ પણ બાળક નામાંકન અને પ્રવેશથી વંચિત ન રહે તે માટે નીચેની વિગતે પણ માહિતી મેળવવાની રહેશે.

- સરપંચશ્રી, ગામના અગ્રણી આગેવાનો, પંચાયતના સભ્યશ્રીઓ, એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, યુવક મંડળ, એન.જી.ઓ., આશા વર્કર, ANM/FHW, આંગણવાડી કાર્યકર, વગેરે તમામનો સહયોગ પ્રાપ્ત કરી નામાંકન અને પ્રવેશપાત્ર બાળકોની ચકાસણી કરી યાદી તૈયાર કરવાની રહેશે.
- અલગ-અલગ શેરી / મહોલ્લામાં વસતા ઉચ્ચ પ્રાથમિક વિભાગના બાળકો તથા જાગૃત વાલીઓના સહકારથી નામાંકન અને પ્રવેશપાત્ર બાળકોની ઓળખ કરી શકાય.
- સ્થળાંતરીત કામદારોના બાળકોના ટ્રેકીંગ માટે ખેડુતો કે જેમના ખેતરમાં તેઓ રહેતા હોય, રોજીંદી જીવન વપરાશની વસ્તુઓની ખરીદી જે જગ્યાએથી થતી હોય તેવા દુકાન માલિકો વગેરેના સહયોગથી પણ આવા પ્રવેશપાત્ર બાળકોનું ટ્રેકીંગ કરી શકાય.

Techo ડેટાબેઝ સિવાયના ઉપરોકત અન્ય માધ્યમો થકી મળેલા બાળકો પૈકી જે બાળકો રાજયના અન્ય વિસ્તારોમાં સ્થળાંતરીત થયેલ હોય માત્ર તેવા બાળકોની જ વિગતો આ સાથે સામેલ **પત્રક-૧** અનુસાર

નિયત નમુનામાં સંબંધિત જીલ્લા/નગર દ્વારા (MS-Excel ફોર્મેટ)માં સોફ્ટ કોપીમાં તૈયાર કરી આ કચેરીને **Email- plan.dpe.guj@gmail.com** પર સમય-મર્યાદામાં બિનચૂક મોકલવાની રહેશે.

(૨) આપના જીલ્લા/શહેરને પ્રવેશપાત્ર બાળકોના રાજ્ય સ્તરેથી Google sheet દ્વારા પુરા પાડવામાં આવેલ ડેટાબેઝને ડાઉનલોડ કરી આપની કક્ષાએથી આપના તાબા હેઠળના તાલુકા/વોર્ડ અને ગામ/વિસ્તાર મુજબ અલગ તારવી જે ગામ/વિસ્તારનો વિદ્યાર્થી/વિદ્યાર્થીની જે શાળામાં પ્રવેશપાત્ર થતા હોય તે ગામ/વિસ્તારની શાળા સુધી માહિતી પુરી પાડવાની રહેશે. અને તેની ચકાસણી સંબંધિત શાળા કક્ષાએથી અચૂકપણે થાય તેની તકેદારી રાખવાની રહેશે. સદર માહિતીમાં નીચે પ્રમાણેનો ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

| No | Name of Child | Date of Birth | Gender | Address | Name of Village / Ward | Name of Sub-center | Name of PHC | Name of Block / Taluka | Name of District/ Corporation | Contact Number of Parents | Techo Unique Id Number | Name of in-charge FHW | Contact Number of FHW |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

આ ડેટામાંના પ્રત્યેક બાળકનું નામાંકન થાય તે જોવાની જવાબદારી આપની રહેશે. આ બાળકોની ગુગલ શીટમાં આપેલ ફોર્મેટની પાછળની કોલમમાં માંગેલ માહિતી શાળાઓ પાસેથી Block MIS તથા District MIS દ્વારા એકત્ર કરી Google sheet માં અપલોડ કરવાની રહેશે. જેથી રાજ્યસ્તરેથી સ્થળાંતરિત થયેલા બાળકોના હાલના સરનામાની માહિતીનું લિસ્ટ બનાવી, જે તે લાગુ પડતા જિલ્લા/શહેર કે જ્યાં બાળકો સ્થળાંતરિત થયેલ હોય, ત્યાં સમયમર્યાદામાં સદરહુ માહિતી મોકલી શકાય. આ અંગે આપે યોગ્ય, સઘન અને સતત રીવ્યુ કરી પરિણામલક્ષી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) ઉપરોકત તમામ કામગીરી તા.૩૦/૦૪/૨૦૨૩ પહેલા બિનચૂક પૂર્ણ કરવાની રહેશે.

ઉપરોકત તમામ સૂચનાઓ ધ્યાને લઇ આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રવેશપાત્ર બાળકોનું ૧૦૦% નામાંકન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી પાત્રતા ધરાવતા પ્રત્યેક બાળકો નામાંકનથી વંચિત ન રહે તે માટે યોગ્ય, સઘન અને સતત રીવ્યુ કરી પરિણામલક્ષી કાર્યવાહી કરવાની રહેશે.

**બિડાણ:** (૧) પ્રવેશપાત્ર બાળકોની માહિતી દર્શાવતું પત્રક-૧ (Soft copy in MS Excel).
(૨) રાજ્યના આરોગ્ય વિભાગનો Techo/eMamta database ની જિલ્લાવાર Google Sheet link.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર .
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(રા.ક.), શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર .
- માન.સચિવશ્રી (પ્રા. અને મા.શિ.)નુ કાર્યાલય, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફ જિલ્લા/તાલુકા MIS/BRC/CRC ને જરૂરી સૂચના આપવા સારૂ...